# એરફોર્સ વન સહિતના આઠ વિમાનો અમદાવાદ પહોંચશે

અમદાવાદ, તા. ૧૪

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદના મહેમાન બનવા ઉત્સુક બન્યા છે ત્યારે અભૂતપૂર્વ તૈયારીઓ ચાલી રહી છે. બીજી બાજુ અમદાવાદમાં સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે પણ તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે. અમેરિકી પ્રમુખના એરફોર્સ વનની સાથે અન્ય સાત અમેરિકી વિમાનો પણ પહોંચનાર છે. અમદાવાદમાં બપોરની આસપાસ આ વિમાનો પહોંચી જશે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એરફોર્સ વન બોઈંગ ૭૪૭ વિમાનમાં અનેક વિશેષતાઓ રહેલી છે.

અમેરિકી પ્રમુખની સાથે સાથે તેમના પત્નિ પણ આવી રહ્યા છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, અમદાવાદ વિમાની મથકે કુલ ૮ વિમાનો પહોંચશે જેમાં એરફોર્સ વન સહિત બે બોઈંગ ૭૪૭ સામેલ છે. છ કાર્ગો વિમાનો રહેશે. આ કાર્ગો વિમાનોનો ઉપયોગ કાર માટે કરવામાં આવ્યો છે. આ કારનો ઉપયોગ અમેરિકી પ્રમુખ દ્વારા કરવામાં આવનાર છે. અન્ય લોજિસ્ટિક સપોર્ટ માટે પણ આ કાર્ગોનો ઉપયોગ કરાયો છે.

અન્ય સામગ્રી માટે પણ આ વિમાનનો ઉપયોગ કરાયો છે. છ કાર્ગો વિમાનોમાં ગ્લોબમાસ્ટર અને હરક્યુલેસ કાર્ગો વિમાનોનો સમાવેશ થાય છે. હરક્યુલેસ વિમાનનો ઉપયોગ પણ જુદા જુદા ઉપયોગ માટે થનાર છે. ચાર કાર્ગો વિમાન એડવાન્સમાં પહોંચશે જ્યારે બાકીના વિમાનો ૨૪મી ફેબ્રુઆરીના દિવસે બે પેસેન્જર વિમાન સાથે પહોંચશે. અમેરિકી પ્રમુખની સુરક્ષા પર નજર રાખવા અમેરિકી સુરક્ષા સંસ્થાઓ પણ તૈનાત રહેશે. પ્રમુખ જેમાં રોકાશે તે અને અન્ય રુમ અમેરિકી પ્રમુખ અને પ્રથમ મહિલા માટે રહેશે.

# ટ્રમ્પ-મોદી ૨ ૨ કિમીનો રોડ શો યોજવા સજ્જ

**મોદી અને ટ્રમ્પનો કાફલો જે માર્ગથી નિકળશે તે માર્ગ પર હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે : બેઠકોનો દોર : કેમ છો ટ્રમ્પ કાર્યક્રમને લઇ ઉત્સુકતા**

ગાંધીનગર, તા. ૧૪

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અમદવાદ યાત્રાને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ ટ્રમ્પઅને મોદી ભવ્ય રોડ શો પણ કરનાર છે. તેમનું સ્વાગત કરવા અલગ અલગ ધર્મના લોકો અને અનુયાયીઓ પણ રહેશે. આ રોડ શોની તમામ જવાબદારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપવામાં આવી હોવાના અહેવાલ મળ્યા છે. બેઠકોના દોર ચાલી રહ્યા છે. બેઠકમાં દરેક ધર્મના લોકો પરંપરાગત વેશભુષા સાથે હાજર રહી ટ્રમ્પનું સ્વાગત કરવાના આયોજન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ રોડ શોમાં સેંકડો સંસ્થાઓ જોડાનાર છે. દેશના અલગ અલગ પ્રાંતોના લોકો પણ પહોંચી રહ્યા છે.

૫૦૦૦૦થી વધુ લોકો ૨૨ કિલોમીટરના માર્ગમાં ટ્રમ્પ અને મોદીનું સ્વાગત કરશે. મેયર

બિજલ પટેલે માહિતી આપતા કહ્યું છે કે, આ રોડ શો સૌથી લાંબો અને અભૂતપૂર્વ રહેશે. જુદી જુદી જગ્યા પર સ્ટેજ પર અલગ અલગ ગરબા અને ડાન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

રોડ શોનો રુટ એરપોર્ટથી ગાંધી આશ્રમ અને ગાંધી આશ્રમથી એરપોર્ટ-હાંસોલ અને ઈન્દિરા બ્રિજ થઈને મોટેરા સ્ટેડિયમ આવશે. આને લઈને તંત્ર દ્વારા કોઈ કચાસ ન રહે તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે. ટ્રમ્પના આયોજનને લઈને માત્ર ભારત સરકાર નહીં બલ્કે અમેરિકી તંત્ર પણ સંપૂર્ણપણે સજ્જ છે. કેમ છો ટ્રમ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. વીવીઆઈપી અથવા તો અન્ય મહેમાનો હંમેશા સાબરમતી આશ્રમની મુલાકાત લેતા રહે છે.

આ વખતે વિશ્વની સૌથી શક્તિશાળી વ્યક્તિ પહોંચી રહી છે. આના ભાગરુપે સાબરમતી આશ્રમમાં પણ સીટી ક્રાઈમ બ્રાંચ સહિત સુરક્ષા સંસ્થાઓ મોરચા સંભાળી ચુકી છે. થ્રીડી સ્કેનરો મુકી દેવામાં આવ્યા છે. થ્રીડી સ્કેનર્સનો ઉપયોગ સાબરતમી આશ્રમમાં કરવામાં આવી રહ્યો છે. ગાંધીઆશ્રમ નજીકની ત્રણ સોસાયટીના નિવાસીઓને કઠોર ચકાસણીનો સામનો કરવો પડી રહ્યો છે. આના ભાગરુપે ઈસ્કોન રિવરસાઈડ સોસાયટી, શીલાલેખ અને શીતલ એક્વામાં રહેતા લોકોની ચકાસણી કરવામાં આવનાર છે. ટ્રમ્પની યાત્રા ખુબ ઐતિહાસિક બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ટ્રમ્પ મોટેરા સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરવા પહોંચી રહ્યા છે.

# ભિલોડાના નઝેવાડ તળાવનો વિકાસ અને ગાર્ડન બનાવવા લોક માંગણી

ભિલોડા,તા.૧૪

ભિલોડા તાલુકા મથક ખાતે એસ.ટી. બસ સ્ટેશન સામે નઝેવાડ તળાવનો વિકાસ કરવા સારૂ અને ગાર્ડન બનાવવા લોકમાંગણી ઉભી થઈ છે. નઝેવાડ તળાવની ફરતે શાકભાજી,ફુટની લારીઓના વેપારીઓને કાયમી ધોરણે જગ્યા ફાળવવા પ્રબળ માંગ જોવા મળી હતી.

ભિલોડા ગામના જાગૃત નાગરીકોએ જણાવ્યું હતું કે નઝેવાડ તળાવની આજુ-બાજુ અદ્યતન ગાર્ડન બનાવવું જોઈએ. નાના ભુલકાઓ માટે રમત-ગમતના સાધનો મુંકવા જોઈએ.વરીષ્ઠ નાગરીકોને બેસવાની સુવિધા કરવી જોઈએ સાથે-સાથે સુરક્ષા અર્થે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જોઈએ. નઝેવાડ તળાવનો ઝળહળતો વિકાસ કરવો અત્યંત આવશ્યક છે.

નઝેવાડ તળાવ પાસે શહિદ સ્મારક આવેલ છે. તળાવની આજુ-બાજુ અસહ્ય ગંદકીનું પ્રમાણ જોવા મળે છે પરંતુ નઝેવાડ તળાવનો વિકાસ વહીવટી તંત્ર ધ્વારા કરવામાં આવે તો પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી જશે તેમ બુદ્ધીજીવી સામાજીક આગેવાનોએ જણાવ્યું હતું.

ભિલોડાના વિવિધ માર્ગો ઉપર આડેધડ ઉભા રહેતા લારીયોવાળાના કારણે ઠેર-ઠેર ભયંકર ટ્રાફીક સમસ્યા સર્જાય છે પરંતુ શાકભાજી અને ફુટની લારીવાળા વેપારીઓને કાયમી ધોરણે નઝેવાડ તળાવની ફરતે જગ્યા ફાળવવામાં આવે તો ટ્રાફીકની સમસ્યા હલ થઈ જશે તેમ જાગૃત લોકોએ જણાવ્યું હતું.

## ખેડબ્રહ્માની હાઈસ્કૂલમાં શહીદોને શ્રદ્ધાંજલિ

ખેડબ્રહ્માની સ્કૂલમાં શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ગત ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ રોજ પુલવામામા સીઆરપીએફના કાફલા ઉપર આતંકીઓએ હુમલો કર્યો હતો જેમા ૪૪ જવાનો શાહિદ થઈ ગયા હતા. આ શહીદોને ખેડબ્રહ્માની ગ્રેવીટી ધ સ્કૂલ ઓફ સાયન્સના બાળકો અને શિક્ષકોએ બ્લેક પોશાક પહેરી બ્લેક ડે મનાવ્યો હતો અને મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી.

## રાજપુત સમાજનું ગૌરવ

રાજપુત સમાજનું ગૌરવ વધારતા સર્વત્ર આનંદની લાગણી પ્રસરી હતી.૧૨ મી ઓલ ઈન્ડીયા પોલીસ બેડમિન્ટન ચેમ્પીયનશીપ તા.૩/૨/૨૦૨૦ થી તા.૯/૨/૨૦૨૦ વચ્ચે ભોપાલ ખાતે યોજાઈ હતી. ૩૨ રાજ્યના બી.એસ.એફ., પેરામિલેટ્રી ફોર્સના જવાનોએ ભાગ લીધો હતો. ચાંપા ગામના મુળ વતની સુરેન્દ્રસિંહ બી.ડુંપાવત, ડી.વાય.એસ.પી. (વડોદરા)એ ૧૨ મી ઓલ ઈન્ડીયા પોલીસ બેડમિન્ટન ચેમ્પીયનશીપમાં દ્વિતીય ક્રમ મેળવી ગુજરાત પોલીસ, રાજપુત સમાજનું ગૌરવ વધારતા સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડાના ભુતાવડ રાજવી પરીવારએ બિરદાવ્યા હતા.

# ગજ્જર સુથાર સમાજનો ધર્મજમાં ૧૩મો સમૂહ લગ્નોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૪

ગજ્જર સુથાર સમાજ ગુજરાતનો ૧૩મો સમુહ લગ્નોત્સવ પ્રમુખ ઠાકોર મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ હતો. જેમાં ૧૬ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.

દિપ પ્રાગટ્યથી પ્રારંભ કરી રહેલા ઘનશ્યામભાઈ સુથાર, ડાહ્યાભાઈ ગજ્જર, નીખીલભાઈ ગજ્જર, દિનેશભાઈ સુથાર, ભાલચંદ્ર ગજ્જર, વિનોદભાઈ સુથાર-બાજવા, મહેશભાઈ મિસ્ત્રી - સારથી ફાઉન્ડેશન, કૌશિકભાઈ અને ગૌતમભાઈ ઉંડેરા, રમેશભાઈ બાવડા, સુનિલભાઈ મિસ્ત્રી, ભરતભાઈ મિસ્ત્રી, સંજયભાઈ ગજ્જર જે.સી. મિસ્ત્રી દ્રશ્યમાન થાય છે.

સોળ જોડાઓને સાત ફેરા કુમકુમ પગલાં તથા કુંવરબાઈનું મામેરાનું મામેરાના સરકારી સહાયના ચેક તેમજ સ્થળ પર જ લગ્ન નોંધણી પ્રમાણપત્ર અંગેની તમામ પ્રક્રિયા કુ. નિકીતાબેન ગજ્જરે પુર્ણ કરી હતી. સમારંભનું સંચાલન સંજયભાઈ ગજ્જર, જાગૃતીબેન રણોલી અને જીતુભાઈ ચુવાવાળાએ કર્યુ હતુ.

# મોડાસાના નિવૃત્ત બેંક સેવક પતિ-પત્નિના અનોખા પ્રેમ, હુંફ, લાગણીની કહાની

મોડાસા, તા. ૧૪

સમગ્ર વિશ્વ અત્યારે વેલેન્ટાઈન ડેની ઉજવણી કરી રહ્યું છે. યુવા હૈયાઓએ વેલેન્ટાનઈ વિકને લઈ વિવિધ દિવસોની ઉજવણી કરી આજે વેલેન્ટાઈન ડે ના દિવસે પ્રેમ યુવક-યુવતીઓ એક બીજા સાથે પ્રેમનો એકરાર કરતા હોય છે ત્યારે આજના યુગમાં કહેવાતો સાચો પ્રેમ માત્ર ખાસ દિવસો પુરતો જ પ્રેમ સિમિત બની ગયો હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે મોડાસાના એક વૃધ્ધ કપલના પ્રેમ, હુંફ અને લાગણીની કહાની આજના યુવાનો માટે શીખ આપે તેવો બની રહે તેમ છે.

મોડાસાની સહકારી બેંકમાં સેવક તરીકેની ફરજ બજાવી નિવૃત્ત થયેલા જશુભાઈ ભાટીયા અને જયાબેન મોડાસા ખાતે પોતાનું જીવન વિતાવી રહ્યા છે. તેમના પુત્ર વિદેશ સ્થિત છે ત્યારે જયાબેન છેલ્લા આઠેક વર્ષથી અસાધ્ય લાંબી બિમારીનો શિકાર બનતાં પોતાની દૈનિક ક્રિયાઓ પણ કરી શકતા નથી ત્યારે લગ્નના સાતફેરા વખતે આપેલ વચન નિભાવીને જશુભાઈ પોતાની બિમાર પત્નિના પડછાયાની જેમ હાજર રહી સેવા કરી રહયા છે તો દિકરો પણ વિદેશ રહી બિમાર માતાની સારી રીતે સારસંભાળ લઈ રહ્યો છે. વર્ષો સુધી બેંકમાં સેવક તરીકેની ફરજ બજાવી નિવૃત થયેલા જશુભાઈ આજે આશરે સિતેર વર્ષની ઉંમરે પણ પોતાની પત્નિ પ્રત્યેના પ્રેમ અને લાગણીના સેવક બની સાચો પતિ ધર્મ નિભાવી રહ્યા છે. પલંગ પરથી માંડ ઉભા થતાં જયાબેન માટે જશુભાઈ વહેલી સવારે ઉઠી ચા-નાસ્તો બનાવાથી લઈને દૈનિક તમામ ક્રિયાઓમાં સંપુર્ણ રીતે સાથ આપી સમાજમાં સાચા પ્રેમનું ઉદાહરણ પુરુ પાડયું છે.

આજના સમયમાં છુટાછેડા તેમજ બ્રેકઅપ જેવા કિસ્સાઓનું પ્રમાણ વધ્યું છે ત્યારે જિંદગીમાં કયારે વેલેન્ટાઈન ડે ની ઉજવણી ન કરનાર જશુભાઈની પોતાના પ્રિયપાત્ર માટેની પ્રેમ, લાગણી અને હુંફ ઘણો મોટો સંદેશ આજની પેઢીને આપી જાય છે. આજના યુવાહૈયાઓ પોતાના પ્રિયપાત્રોને કહેવાતા ખાસ દિવસો પર મોઘીદાટ ગીફટો આપી ખુશ કરવા પ્રયત્નો કરતાં હોય છે ત્યારે આજના સમયમાં જરૂરિયાત પુરતા બની ગયેલા પ્રેમીઓ માટે જશુભાઈના પ્રેમનો કિસ્સો ઘણી મોટી શીખ આપે છે.

# સંયુક્ત રાષ્ટ્ર વિકાસ સંઘ દ્વારા નિરંતર વિકાસના ધ્યેયો માનવના વિકાસ માટે મોડાસા ખાતે તાલીમ કાર્યક્રમ યોજાયો

સંયુક્ત રાષ્ટ્ર વિકાસ સંઘ દ્વારા નિરંતર વિકાસના ધ્યેયો માનવના વિકાસ માટે ૧૭ ધ્યેયો અને ૧૬૯ લક્ષ્યાંકો નક્કી કરેલ છે. જેના અમલ માટે રાજ્યના નિરંતર વિકાસના ધ્યેયો અંગેની તાલીમ રાજ્યના દરેક જિલ્લામાં યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે અરવલ્લી જિલ્લાના કલેક્ટરના વડપણ અને માર્ગદર્શન હેઠળ મોડાસા ખાતે તાલીમ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે જિલ્લાના ઉત્સાહી આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતુ કે રાજ્યના આદર્શ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પ્રજા કલ્યાણલક્ષી યોજનાઓના અસરકારક અમલીકરણ દ્વારા રાજ્ય નાગરિકોની સુખાકારી સમૃદ્ધિમા વધારો થાય અને સમાજમાં સામાજિક સૌહાર્દનુ વાતાવરણ દ્રઢ બને અને રાજ્યમા સાચા અર્થમાં સૌનો સાથ સૌનો વિકાસ સાકાર થાય તે માટે રાજ્યમાં નિરંતર વિકાસના ધ્યેયો લક્ષાંકોને સિદ્ધ કરવા ગ્રાસ રૂટ લેવલ પર પંચાયત ખાતેના તલાટી મંત્રી/ગ્રામસેવક/પ્રાથમિક શાળા આચાર્ય/હેલ્થ વર્કર/આંગણવાડી કાર્યકર/આશાવર્કર વિગેરે તમામને આ વિશે માહિતગાર કરી સંવેદનશીલ કરવા માટે રાજ્યમા સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગના સીધા માર્ગદર્શન હેઠળ આ તાલીમનું આયોજન કરવામાં આવેલ છે.

## બચ્ચો છે ખરો ?... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ દેશમાં રહેવા કરતા તો બહેતર છે દેશ છોડીને જતા રહેવું જોઈએ.....! કાયદાના નિષ્ણાતોના મતે, દેશની સર્વોચ્ચ અદાલત દ્વારા કેન્દ્ર સરકાર સામે આ પ્રકારની અતિ ભારે ટીપ્પણી કદાજ પહેલીવાર થઈ છે કે જેમાં કોર્ટે એવો અફસોસ વ્યક્ત કર્યો હોય કે આ દેશમાં રહેવા જેવું છે કે કેમ....! આ દેશમાં જે પ્રકારે ઘટના ઘટી રહી છે તેણે અમારી અંતરાત્માને હચમચાવી નાંખી છે એમ પણ કોર્ટે અવલોકન કરતાં વર્ણવ્યુ હતું.

એડજસ્ટ ગ્રોસ રેવેન્યુ (એજીઆર)ના મામલામાં સુપ્રીમ કોર્ટે આજે કઠોર વલણ અપનાવીને ટેલિકોમ કંપનીઓને જોરદાર ફટકાર લગાવી હતી. સુપ્રીમ કોર્ટના આ વલણના કારણે ટેલિકોમ કંપનીઓમાં ખળભળાટ મચી ગયો હતો. સુપ્રીમ કોર્ટે ટેલિકોમ કંપનીઓ અને તેમના ડિરેક્ટરોને દૂરસંચાર વિભાગ (ડોટ)ને ૧.૪૭ લાખ કરોડના એજીઆરની ચુકવણી કરવાના તેના આદેશને નહીં પાળવા બદલ તેમની સામે તિરસ્કારની કાર્યવાહી કેમ હાથ ધરવી જોઈએ નહીં તે સંદર્ભમાં ખુલાસો કરવા આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ટેલિકોમ કંપનીઓમાં ખળભળાટ મચી ગયો હતો. કોર્ટે ૧૭મી માર્ચ સુધીમાં આ રકમ જમા કરવા માટે આદેશ કર્યો

એજીઆર આદેશને નહીં પાળવા બદલ કોર્ટે વધુમાં કહ્યું છે કે, આ પ્રકારની સમસ્યા કોના દ્વારા ઉભી કરવામાં આવી રહી છે તે બાબત સમજાઈ રહી નથી. દેશમાં કોઈ કાયદા રહ્યા નથી. આનાથી સારી બાબત તો એ છે કે, દેશમાં રહેવું જોઈએ નહીં. આ પ્રકારની બાબતોથી દેશમાં ઘણી બધી બાબતોને લઈને દુવિધા ઉભી થઈ છે. કોર્ટે વધુમાં કહ્યું હતું કે, એજીઆર કેસમાં સમીક્ષા અરજી ફગાવી દેવામાં આવી છે પરંતુ હજુ સુધી એક રૂપિયાની રકમ પણ જમા કરવામાં આવી નથી. ભારતી એરટેલ, વોડાફોન-આઈડિયા, ટાટા ટેલિસર્વિસ સહિત ટેલિકોમ ઓપરેટરો દ્વારા જાન્યુઆરી મહિનામાં સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી જેમાં ટોપ કોર્ટના આદેશને એજીઆરના મામલામાં સુધારો કરીને રજૂ કરવાની માંગ કરવામાં આવી હતી. કોર્ટે પહેલાથી જ તેના અગાઉના ચુકાદામાં રિવ્યુની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. વોડાફોન આઈડિયાને ૫૦૦૦૦ કરોડ રૂપિયા ચુકવવાના છે જ્યારે ભારતી એરટેલને ૩૫૫૦૦ કરોડ રૂપિયા ચુકવવાના છે જ્યારે એરટેલને પોતાના મોબાઈલ સર્વિસ બિઝનેસને વેચી દેનાર તાતા ટેલિસર્વિસને ૧૪૦૦૦ કરોડ ચુકવવાની જરૂર છે. એકમાત્ર રિલાયન્સ જીઓ દ્વારા ૬૦ કરોડ રૂપિયાની રકમ ચુકવવામાં આવી હતી. આ રકમ અન્યો કરતા ખુબ ઓછી છે કારણ કે, કંપનીએ ૨૦૧૬માં તેના ઓપરેશનની શરૂઆત કરી હતી. સુપ્રીમ કોર્ટના આદેશને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે ૧૭મી માર્ચ સુધી એજીઆર ચુકવી દેવા માટે ટેલિકોમ કંપનીઓને સ્પષ્ટ આદેશ કર્યો છે. સાથે સાથે તિરસ્કાર કાર્યવાહી કરવાની ધમકી આપી છે. સુપ્રીમે કહ્યું છે કે, કંપનીઓ અને ફેડરલ ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન તિરસ્કારની કાર્યવાહી માટે પાત્ર રહેશે. વોડાફોન-આઈડિયા અને ભારતી એરટેલ સહિત કંપનીઓને ૯૨૦ અબજ રૂપિયાથી વધુની રકમ ચુકવવાની જરૂર દેખાઈ રહી છે. સુપ્રીમ કોર્ટે આજે લાલઆંખ કરી હતી.

## જથ્થાબંધ મોંઘવારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૧.૪૬% થયો છે. જથ્થાબંધ ઉત્પાદિત ચીજવસ્તુઓનો ફુગાવો - ૦.૨૫%થી વધીને ૦.૩૪% થયો છે. ગત મહિને ફયુલ અને પાવર સેક્ટરનો જથ્થાબંધ મોંઘવારી દર - ૧.૪૬%થી વધીને ૩.૪૨% થયો છે.

જાન્યુઆરીમાં શાકભાજીની કિંમતમાં ૫૨.૭૨ ટકા વધારો થયો છે. આ દરમિયાન ડુંગળીની કિંમતમાં ૨૯૩ ટકા તો બટાકાની કિંમતમાં ૩૭.૩૪ ટકાનો વધારો થયો છે. ગાજરના ભાવ ૮૫ ટકા, ફલાવરના ૫૯ ટકા અને કોબીચના ભાવ ૪૩ ટકા વધ્યા. ફળોમાં પપૈયા એક વર્ષ પહેલાની સરખામણીએ જાન્યુઆરીમાં ૪૧ ટકા, અનાનસ ૪૦ ટકા અને સંતરા ૩૯ ટકા મોંઘા થયા. ઈંડા, માંસ અને માછલીના ભાવ ૬.૭૩ ટકા વધ્યા. મસાલાનો મોંઘવારી દર ૨૧.૫૩ ટકા રહ્યો. મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટસનો જથ્થાબંધ મોંઘવારી દર ૭.૦૫ ટકા રહ્યો.

આ સપ્તાહની શરૂઆતમાં સરકારે મોંઘવારી દરના આંકડાઓ બહાર પાડ્યા હતા. ખાદ્ય વસ્તુઓ અને ઈંધણની કિંમતોમાં વધુ વધારાના કારણે જાન્યુઆરીમાં રિટેલ મોંઘવારી દર ૭.૫૯ ટકાએ પહોંચી ગયો છે. તે છેલ્લા ૬૮ મહીનામાં સૌથી વધુ છે.

## ફુગાવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવા અર્થે સ્માર્ટસીટીના બજેટમાં જોગવાઈ કરવાની ભલામણ પણ સ્થાયી સમિતિએ કરી છે. આ ઉપરાંત કાઉન્સીલરોને અપાતી ગ્રાન્ટમાં પણ રૂ. ૨.૫૦ લાખનો વધારો કરવામાં આવ્યો છે. જેમાં દરેક સભ્યોને રૂ. ૧.૫૦ લાખ સ્વચ્છતા અભિયાન સંદર્ભમાં ઉપયોગમાં લઈ શકશે જ્યારે મહિલા ઉત્કર્ષ શિબિર માટે રૂ. ૫૦ હજારનો ઉપયોગ કરી શકાશે.

## મુખ્ય માર્ગોની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવા કામ હાથ ધરાયુ છે. જયારે જુના કેટલાક સેકટરોમાં પણ માર્ગ સુધારણાની કામગીરી બાકી હોવાનુ ધ્યાને આવતા આ મામલે પણ દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ ઘણાં સમયથી આ દરખાસ્ત અંગે કોઈ નિર્ણય ન લેવાતા માર્ગોનુ કામ અટવાયુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો હતો. હાલ શહેરના નવા સેકટરોની સાથે રોડ નં -૧ના રીસરફેસીંગની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત રોડ નં-૨ અને ૩ના રીસરફેસીંગનુ કામ પણ આગામી દિવસોમાં હાથ ધરાશે. જયારે સે-૨૭ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ કરાશે. આ કામગીરી પણ સરકારી પ્લાન્ટના આધારે કરવામાં આવશે. શહેરમાં એકબાજુ અન્ડરપાસના નિર્માણનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે.જયારે ટુંકમાં સેકટરોના રીંગ રોડને ફોરટ્રેક કરવા માટે પણ કામગીરી શરૂ કરી દેવાશે. આમ શહેરનુ રોડ નેટવર્ક આગામી દિવસોમાં સ્માર્ટી સીટીને અનુરૂપ જોવા મળશે.

## ઉકેલની દિશામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે, તેને લઈ સરકારે બહુ જ સંવેદનશીલ એવા આ મુદ્દાને લઈ હવે કોઈને અન્યાય ના થાય અને કોઈ નારાજ ના થાય તે પ્રકારે વચ્ચેનો સમાધાનકારી ઉકેલ કે રસ્તો કાઢી સમસ્યાનું નિરાકરણ લાવવુ પડશે. ગુજરાત સરકારે મહિલા અનામત મુદ્દે તા.૧ ઓગસ્ટ, ૨૦૧૮નો ઠરાવ સુધારવાની જાહેરાત કર્યા બાદ બિન અનામત વર્ગની ૨૫૦થી વધુ મહિલાઓએ ગાંધીનગરમાં આંદોલન શરૂ કર્યું છે. ઠરાવમાં સુધારો કરવાના સરકારના નિર્ણયનો વિરોધ કરતી આ મહિલાઓએ બુધવારે ગાંધીનગરમાં જ ઠરાવ રદ્દ કરવાની માગણી સાથે ૬૬ દિવસથી આંદોલન પર ઉતરેલી મહિલાઓની છાવણી સામે રસ્તા પર બેસી સરકારી નિર્ણયનો વિરોધ શરૂ કર્યો છે. તેમનાં સમર્થનમાં પાસ નેતા દિનેશ બાંભણિયા, એસપીજી પ્રમુખ લાલજી પટેલ અને કરણીસેનાના પ્રમુખ રાજ શેખાવત સહિતનાં આગેવાનો પણ મેદાનમાં ઉતરી આવ્યા છે.

## દિવા તળે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરની શુભચિંતક સંસ્થા શહેર વસાહત મહામંડળ દ્વારા મૃત્યુ પામનાર સ્વજનોના અસ્થિઓનુ હરિદ્વાર વિસર્જન કરવામાં આવે છે. વર્ષના અંતે મહામંડળે ૧૬૧૧ સ્વજનોના અસ્થિનુ વિસર્જન કરવામા આવ્યુ છે. સ્ત્રી પુરુષ જન્મ દરની અસમાનતા અંગે ચિંતા વ્યકત કરતા શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ સરકારે પણ આ મામલે તેજ ગતિએ અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા છે. સ્ત્રી જન્મદરનુ પ્રમાણ વધારવા શિક્ષિત સમાજ વધુ જાગૃત બને તેમજ બેટી બચાવો અને બેટી પઢાવોનુ આ અભિયાન વાસ્તવમાં સાર્થક થાય તે દિશામાં અસરકારક આયોજન કરવુ પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

## અપોલો ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ ગાંધીનગરે ગેરીએટ્રિક ન્યૂમોકોકલ રસી લોંચ કરી

ગાંધીનગર, તા. ૧૪

વર્ષ ૨૦૨૦ને મોડર્ન નર્સિંગની પથપ્રદર્શક ફ્લોરેન્સ નાઈટેંગલની ૨૦૦મી જન્મજયંતિ સ્વરૂપે ઉજવવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ ચાલુ વર્ષને 'યર ઓફ ધ નર્સ એન્ડ મિડવાઈફ' જાહેર કર્યું છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે નર્સિંગ નાઉ નામની પહેલ શરૂ કરી છે. ગુજરાતનાં ગાંધીનગરમાં સ્થિત અપોલો ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ ગાંધીનગર આ પહેલમાં સામેલ થઈ છે અને સંસ્થાએ દેશમાં ન્યૂમોકોકલ રોગોનાં નિવારણ પર જાગૃતિ કાર્યક્રમ શરૂ કર્યો છે. ડો. જયંતિ એસ રવિ, આઈએએસ (પ્રિન્સિપલ સેક્રેટરી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત સરકાર)એ અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદનાં યુનિટ હેડ ડૉ. વિશ્વદીપ ગોયલ, અપોલો ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગનાં પ્રિન્સિપલ ડૉ. હરિમોહન સિંઘ, જીએપીઆઈઓનાં પ્રેસિડન્ટ ડૉ. રમેશ મહેતા અને અમદાવાદ મેડિકલ એસોસિએશનનાં પ્રેસિડન્ટ ડૉ. મોના દેસાઈની હાજરીમાં ન્યૂમોકોકલ રોગોનાં નિવારણ માટે ગેરીએટ્રિક ન્યૂમોકોકલ રસી લોંચ કરી હતી. આ કાર્યક્રમ હેઠળ અપોલો ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગમાંથી નર્સિંગનાં વિદ્યાર્થીઓ પુખ્તવયનાં લોકોમાં ન્યૂમોકોકલ રોગો વિશે જાગૃતિ લાવવા સમુદાયમાં ફરશે અને એમને નિવારણની રીતો વિશે જાણકારી આપશે.

## એનએફએનનો ગિફ્ટમિલ્ક કાર્યક્રમ આણંદની ૧૦૦૦ બાળકો માટે શરૂ કરાયો

શ્રી મીનેશ શાહ, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ અને શ્રી રાજેશ સુબ્રમણ્યમ, મેનેજિંગ ડિરેક્ટર, આઈડીએમસી લિમિટેડ, દ્વારા આણંદ જિલ્લાની બે સરકારી શાળાઓના આશરે એક હજાર વિદ્યાર્થીઓ માટે એનડીડીબી ફાઉન્ડેશન ફોર

ન્યુટ્રિશન (એનએફએન) ના નોવેલ 'ગિફ્ટ મિલ્ક' કાર્યક્રમની શરૂઆત ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૦એ કરવામાં આવી કાર્યક્રમ માં સ્થાનિક સમુદાય, વાલીઓ અને વીયુ ઔદ્યોગિક સંઘ, આણંદના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આઈડીએમસી તેના સીએસઆર ફાળવણી હેઠળ પ્રોગ્રામને ફંડ આપી રહી છે. ખેડા દૂધ સંગ દ્વારા તમામ શાળાના બાળકો ને ૨૦૦ મિલી ફોર્ટિફાઇડ ફ્લેવર્ડ પેસ્ટ્યુરાઇઝ્ડ દૂધ દરરોજ આપવા માં આવસે. એનએફએન આઈડીએમસીની સીએસઆર સહાય હેઠળ આણંદ જિલ્લાના ૩૦૦૦ જેટલા બાળકોને ગિફ્ટમિલકનું વિતરણ ૧૫ ઓગસ્ટ, ૨૦૧૬ થી કરી રહ્યું છે.